# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

RCCI - 1ST EDITION OF 2026

# E-BULLETIN








**:: Registered Office ::**

Centre Point, 1st Floor, Karansinhji Road, Rajkot-360001

**Phone :** 0281-2227400, 2227500 | **Fax :** 0281-2230824 | **M :** 73831 27400

**E-mail :** rajkotchamber@yahoo.co.in | **Web :** www.rajkotchamber.com

Send Email Here
rajkotchamber@yahoo.co.in

Visit Our Website
www.rajkotchamber.com

# Office Bearers



**V. P. Vaishnav**
President



**Parth P. Ganatra**
Vice President



**Nautam B. Barasiya**
Hon. Secretary



**Utsav K. Doshi**
Hon. Jt. Secretary



**Vinod L. Kachhadia**
Treasurer

# Managing Committee Members


Achyut P. Jasani


Anil L. Vanpariya


Ashok V. Viradia


Brijen B. Kotak


Darshan H. Lakhani


Dipak J. Pobaru


Gaurang R. Thakker


Jagdish B. Akbari


Kumanlal B. Varsani


Kushal N. Popat


Maheshkumar B. Savalia

# Managing Committee Members



Manoj A. Unadkat



Narendrasinh K. Jadeja



Nilesh S. Bhalani



Pranav C. Bhalara



Rajesh N. Junja



Samir V. Vekariya



Satyen M. Patel



Siddharth R. Pobaru



Pankaj G. Dhamsania
Co-opt Member



Kishor J. Vaghasiya
Co-opt Member



Naresh G. Sheth
Co-opt Member

# પ્રમુખશ્રીની કલમે



**સ્નેહી સભ્યશ્રીઓ,**

*રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી વેપાર–ઉદ્યોગ–વ્યવસાય ક્ષેત્રમાં કાર્યરત વ્યકિત, પેઢી, કંપની અને એસોસીએશનોના સમુહનું પ્રતિનિધિત્વ કરતી વરિષ્ઠ મહાજન સંસ્થા હોવાથી વેપાર–ઉદ્યોગની અપેક્ષા પણ તેની પાસે વધુ હોય તે સ્વાભાવિક છે અને અમો પણ વેપાર–ઉદ્યોગની અપેક્ષા પરિપૂર્ણ કરવા હંમેશા સક્રિય રહીએ છીએ. હોદેદારો અને વ્યવસ્થાપક સમિતિ તો ફકત સંસ્થાની કાર્યકારી વ્યવસ્થા હોય છે. સભ્યશ્રીઓ જેટલા જાગૃત અને સહયોગી બને તેટલી જ સંસ્થાની પ્રવૃતિઓને વેગ મળી શકે. આ માટે રાજકોટ ચેમ્બરની પ્રવૃતિમાં વધુને વધુ જોડાવા સૌ સભ્યોને અનુરોધ કરીએ છીએ અને રાજકોટ ચેમ્બરની પ્રવૃતિનો બુલેટીનનો આ અંક આપ સમક્ષ પ્રસ્તુત કરીએ છીએ.*

*આપનો સ્નેહાધિન,*

**વી. પી. વૈષ્ણવ**

*પ્રમુખ*



**Parth Ganatra**
Vice president
Rajkot chamber of commerce & Industry
Chair-MSME Committee
ASSOCHAM Gujarat Council
Convener - FIEO (Saurashtra)

Dear Members,

MSMEs are the silent architects of progress, turning ideas into enterprises, challenges into opportunities, and aspirations into achievements. Their resilience, innovation, and commitment not only create jobs and strengthen communities but also power the nation's economic growth. On MSME Day, we celebrate these changemakers whose contributions are paving the way toward a stronger, more inclusive, and prosperous Viksit Bharat.

Parth Ganatra
Vice president
Rajkot chamber of commerce & Industry

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, PHDCCI ગુજરાત ચેપ્ટર, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ તથા રાજકોટ મેનેજમેન્ટ એસોસીએશનના સંયુકત ઉપક્રમે "ડિઝીટલ યુગમાં MSME નો વિકાસ : ઉદ્યોગો માટે ગુણવતા અપ ગ્રેડેશન (BIS) અને ડિઝીટલ ટ્રાન્સફોર્મેશન (શ્રેષ્ઠ ઉકેલો)" અંગે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું...**




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, PHDCCI ગુજરાત ચેપ્ટર, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ તથા રાજકોટ મેનેજમેન્ટના સંયુકત ઉપક્રમે "ડિઝીટલ યુગમાં MSME નો વિકાસ : ઉદ્યોગો માટે ગુણવતા અપ ગ્રેડેશન (BIS) અને ડિઝીટલ ટ્રાન્સફોર્મેશન(શ્રેષ્ઠ ઉકેલો)" અંગે તા.૦૨–૦૭–૨૦૨૬ ના રોજ સેમીનારનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અલગ–અલગ નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

સેમીનારના પ્રારંભે માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા તથા ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયાએ મહાનુભાવો તથા વેપાર–ઉદ્યોગકારોનું અભિવાદન કરેલ. તેમજ માનદ મંત્રીશ્રીએ જણાવેલ કે, રાજકોટ ચેમ્બર દ્વારા અવાર–નવાર માહિતી સભર વિવિધ સેમીનારોનું આયોજન કરવામાં આવતું હોય છે તો તેનો ખાસ લાભ લેવો તેમજ આજના ડિઝીટલ યુગમાં સ્ટાન્ડર્ડાલાઈઝેશન અને ટેકનોલોજી અપનાવવી એ MSMEs માટે વિકાસનો પાયો છે. રાજકોટએ મેન્યુફેકચરીંગનું હબ ગણાય છે. ત્યારે વેપાર–ઉદ્યોગકારોએ પ્રોડકટની ગુણવતામાં કેવી રીતે સુધારો કરી શકાય અને આવનારા દિવસોમાં ડીઝીટલાઈઝેશનનો વધુમાં વધુ ઉપયોગ કરી આપણા ધંધાને વેગવંતુ બનાવવા માટે આજનો આ સેમીનાર ખુબ જ ઉપયોગી બની રહેશે. ત્યાર બાદ રાજકોટ મેનેજમેન્ટ એસોસીએશનના પ્રમુખશ્રી રાજેશકુમાર હરીયાણીએ જણાવેલ કે, નવીન ટેકનોલોજી, ગુણવતાયુકત ઉત્પાદન અને અસરકારક મેનેજમેન્ટનો સ્વીકાર કરનાર MSMEs જ આવનારા દિવસોમાં સફળતા પ્રાપ્ત કરશે. ડિજીટલ ટ્રાન્સફોર્મેશન હવે વિકલ્પ નહી પરંતુ વ્યવસાયીક જરૂરીયાત બની ગયું છે.

BIS રાજકોટ બ્રાન્ચ ઓફિસના ડિરેકટર અને હેડશ્રી પરિજાત શુકલા તથા સાયન્ટિસ્ટ અને ડેપ્યુટી ડિરેકટરશ્રી પિયુષ ગેડિયાએ BIS ની વિવિધ સેવાઓ, ગુણવતા ધોરણો અને Quality Control Orders (QCO) અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ BIS પ્રમાણપત્ર માત્ર નિયમનકારી પ્રક્રિયા નહીં, પરંતુ ગુણવતા, ગ્રાહક વિશ્વાસ અને વૈશ્વીક બજારમાં ભારતીય ઉત્પાદનોની વિશ્વસનીયતા વધારવાનું મહત્વપુર્ણ સાધન છે.

ટેકનીકલ સત્ર દરમિયાન સાન્ટિસ્ટ અને ડેપ્યુટી ડિરેકટર શ્રી નિરજ મિશ્રા તથા શ્રી સત્યેન્દ્ર કુમાર પાંડેએ BIS ગુણવતા ધોરણો, પ્રમાણપત્રની પ્રક્રિયા, QCO અને સરકારની માર્ગદર્શિકાઓ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી તેમજ MSMEs ને ગુણવતા આધારીત ઉત્પાદન અને પ્રમાણભુત પ્રક્રિયાઓ અપનાવવા માટે પ્રેરીત કર્યા હતા. MSMEs માટે ડિજીટલ ટ્રાન્સફોર્મેશન વિષય પર શ્રીમતી અંજના પટેલએ જણાવ્યું હતું કે, ડિજીટલ ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ MSMEs ને ઉત્પાદન ક્ષમતા વધારવા, ખર્ચ ઘટાડવા, ગ્રાહક સેવા સુધારવા અને વૈશ્વીક સ્પર્ધામાં આગળ વધવા માટે સક્ષમ બનાવે છે.

ત્યાર બાદ AU સ્મોલ ફાઈનાન્સ બેન્કના કલસ્ટર હેડશ્રી ધર્મેશ રૂપાપરાએ MSMEs માટે ઉપલબ્ધ વિવિધ બેન્કીંગ સેવાઓ, નાણાંકીય સહાય, લોન અને ડિજીટલ બિઝનેશને પ્રોત્સાહન આપતી વિવિધ યોજનાઓ વિષે માહિતી આપેલ હતી. ત્યાર બાદ ઉપસ્થિત વેપાર–ઉદ્યોગકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ હતા. તેમજ PHDCCI ગુજરાત ચેપ્ટરના રેસિડેન્ટ મેજેનરશ્રી જય સામાણીએ સમગ્ર સેમીનારનું સંચાલન અને મહાનુભાવો તથા વેપાર–ઉદ્યોગકારોનો આભાર વ્યકત કરેલ હતો.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા અમદાવાદ–સોમનાથ–અમદાવાદ વંદે ભારત એકસપ્રેસ ટ્રેનનો જુના રૂટ પ્રમાણે રાજકોટ ખાતેનો સ્ટોપ યથાવત રાખવા અંગે કેન્દ્રીય રેલ્વે મંત્રીશ્રી તથા સાંસદ સભ્યશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

દેશનું અતિ આધ્યાત્મીક અને ઐતીહાસીક તીર્થ સ્થળ એવા સોમનાથ મહાદેવના રાજકોટ–સૌરાષ્ટ્રના હજારોની સંખ્યામાં મુસફારો દર્શને જતા હોય છે. ત્યારે તાજેતરમાં ભારત સરકારશ્રીના રેલ્વે મંત્રાલય દ્વારા સવારની અમદાવાદ–સોમનાથ અને સાંજની સોમનાથ–અમદાવાદ માટે ચાલતી વંદે ભારત એકસપ્રેસ ટ્રેનનો રૂટ બદલીને બોટાદ ખાતે ડાયવર્ટ કરવામાં આવેલ છે. આ ટ્રેનના જુના રૂટ પ્રમાણે રાજકોટ સ્ટેશન ખાતે તેનો સ્ટોપ આપેલ હતો. પરંતુ તેમાં ફેરફાર કરીને રાજકોટ સ્ટેશનને તેમાંથી બાકાત કરવામાં આવેલ છે. જે રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરો માટે ખુબ જ અન્યાયરૂપ સાબિત થયું છે.

સૌરાષ્ટ્રનું સૌથી મોટું અને અતિ વ્યસ્ત એવા રાજકોટ સ્ટેશનને માંડ માંડ વંદે ભારત એકસપ્રેસ ટ્રેનનો લાભ મળ્યો હતો. તેવામાં જુના રૂટમાં ફેરફાર કરી રાજકોટને બાકાત કરવું તે ખરેખર અયોગ્ય છે. આથી રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોની લાગણી અને માંગણીને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી તથા સાંસદ સભ્યશ્રી પરષોતમભાઈ રૂપાલાજી સમક્ષ અમદાવાદ–સોમનાથ–અમદાવાદ વંદે ભારત એકસપ્રસ ટ્રેનનો જુના પ્રમાણે રાજકોટ ખાતેનો સ્ટોપ યથાવત રાખવા રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના પુર્વ મેયર સ્વ.શ્રી જનકભાઈ કોટકનું દુઃખદ અવશાન થતા ભાવપુર્ણ શ્રધ્ધાંજલી અર્પણ...

રાજકોટ મહાનગરપાલિકાના પુર્વ મેયર, પીઢ અગ્રણી અને વેપારી એવા સ્વ.શ્રી જકનભાઈ કોટકના દુઃખદ અવશાન થતા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ઘેરા શોક અને દુઃખની લાગણી વ્યકત કરી ભાવપુર્ણ શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવે છે.

સેવા પરમો ધર્મ જેને પોતાના જીવનમાં વણી લીધુ હતું તેવા સ્વ.શ્રી જનકભાઈ કોટકે જાહેર જીવનમાં રહી રાજકોટ શહેરના વિકાસ અને જનકલ્યાણ માટે નોંધપાત્ર સેવાઓ આપી હતી. તેમજ રાજકોટ શહેર અને લોકોએ એક સનિષ્ઠ, પ્રમાણીક, લોકો માટે હંમેશા ઉપલબ્ધ એવા લોક સેવક ગુમાવ્યા છે. રાજકોટની પ્રજા તેમના કાર્યોને કદીયે ભુલી શકેશે નહી. તેમજ તેમની સેવા ભાવના અને શહેરના વિકાસ પ્રત્યેની પ્રતિબધ્ધતા હંમેશા યાદ રહેશે. મેયરશ્રી તરીકે તેમના કાર્યકાળ દરમ્યાન શહેરી વિકાસ, આમ જનતા અને વેપાર–ઉદ્યોગકારોના ઉદભવતા પ્રશ્નોને યોગ્ય વાચા આપવા માટે તેઓશ્રી હેમંશા તત્પર રહયા છે. આમ તેમના નિધનથી સર્જાયેલી ખોટ શહેરના સામાજીક અને જાહેર જીવન માટે અપુરણીય છે.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, તમામ હોદેદારો, વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રીઓ તથા સભ્ય પરિવારો વતી સ્વ.શ્રી જનકભાઈ કોટકને ભાવભીની શ્રધ્ધાંજલી અર્પણ કરે છે તથા પરમ કૃપાળુ પરમાત્મા તેમના દિવંગત આત્માને શાંતિ અર્પે અને શોકગ્રસ્ત પરિવારજનોને આ આવી પડેલ દુઃખ સહન કરવાની શકિત આપે તેવી પ્રાર્થના કરવામાં આવે છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજય સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલ "વિકસીત ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી ૨૦૨૬" ને સહર્ષ આવકાર સાથે અભિનંદન પાઠવેલ...

ભારત દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના "આત્મનિર્ભર ભારત" અને "વિકસીત ભારત@૨૦૪૭" ના વિઝનને સાર્થક કરવાના શુભ આશયથી ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી દ્વારા જાહેર કરાયેલ "વિકસીત ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી ૨૦૨૬" ને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ સહર્ષ આવકાર સાથે ખુબ ખુબ અભિનંદન પાઠવે છે. આ કાર્યક્રમમાં પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રી કુમનલાલ વરસાણી અને શ્રી સત્યેનભાઈ પટેલએ હાજરી આપેલ હતી.

ગુજરાતને વૈશ્વીક સ્તરે અદ્યતન ઉત્પાદન, નવીનતા, સંશોધન, ગ્રીન ડેવલોપમેન્ટ અને રોકાણ માટેના અગ્રણી કેન્દ્ર તરીકે સ્થાપિત કરવાના ઉદેશ સાથે "વિકસીત ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી ૨૦૨૬" જાહેર કરવામાં આવેલી. આ નવી ઔદ્યોગીક નીતિ રાજયના ઔદ્યોગીક વિકાસને નવી દિશા અને ગતિ આપશે. આ નીતિ દ્વારા આગામી વર્ષોમાં મોટા પાયે

રોકાણ, રોજગારીનું સર્જન, MSME નો વિકાસ, સ્ટાર્ટઅપ પ્રોત્સાહન તથા Ease of Doing Business ને વધુ મજબુત બનાવવાનો માર્ગ ખુલશે. ખાસ કરીને વૈશ્વીક ટેકનોલોજી કંપનીઓને આકર્ષવા માટે 'ગુજરાત રીસર્ચ એન્ડ ઈનોવેશન પાર્કની સ્થાપનાની યોજના, નવી પેઢીના ઉદ્યોગો, અદ્યતન ટેકનોલોજી, મહિલા સાહસીકોને પ્રાધાન્ય, પ્રથમ પેઢીના ઉદ્યોગકારો તથા સંશોધન અને નવીનતાને આપવામાં આવેલું પ્રોત્સાહન ગુજરાતને "વિકસીત ગુજરાત@૨૦૪૭" ના લક્ષ્ય તરફ વધુ મજબુતીથી આગળ વધારશે. આ નવી ઔદ્યોગીક નીતિમાં ઉદ્યોગોને તેની પસંદગીના પ્રોત્સાહનો લેવાની છુટ આપતી યોજના શરૂ કરેલ છે. આ યોજના હેઠળ ઉદ્યોગો પોતાની પસંદગી મુજબના પ્રોત્સાહનો માંગી શકશે. તેમજ વિવિધ ક્ષેત્રોમાં આશરે ૧૫ થી ૪૫ ટકા સુધીના પ્રોત્સાહનો ઉદ્યોગોને આપી આકર્ષવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ધ્યેય સાથે જ ગુજરાતને એડવાન્સ મેન્યુફેકચરીંગ સ્ટેટ, રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ તથા મુલ્ય–વૃધ્ધિ–વેલ્યુ એડીશન માટેનું હબ તરીકે ડેવલોપ કરવા નવી ઔદ્યોગીક નીતીમાં જે ફોકસ કરવામાં આવેલ છે. તેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સહર્ષ આવકારે છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી ભપેન્દ્રભાઈ પટેલજીના નેતૃત્વ હેઠળ આ નીતિ ગુજરાતના ઉદ્યોગજગતને નવી તકો પ્રદાન કરશે અને રાજયને દેશના સૌથી પ્રગતિશીલ ઔદ્યોગીક હબ તરીકે વધુ સશકત બનાવશે. તેમજ ગ્રીન એનર્જી, સેમિકન્ડકટર અને R&D ક્ષેત્રે મળનારી સબસીડી સૌરાષ્ટ્રને ગુજરાતના ઔદ્યોગીક એન્જીન તરીકે વધુ મજબુત બનાવશે. સૌરાષ્ટ્રએ ગુજરાતનું સૌથી મોટું બહુક્ષેત્રીય નિકાસ ઉત્પાદનનું સ્થળ, સૌથી વિશાળ ઈકો ઈન્ડસ્ટ્રીય પાર્ક, ઓટો–પાર્ટસના ઉત્પાદન માટેનું હબ, સિરામીક, ડિફેન્સ મેન્યુફેકચરીંગ કલસ્ટર, ફુડ પાર્ક–એગ્રો કલસ્ટર, મેગા એક્ઝિબીશન માટેનું સ્થળ, અન્જીનીયરીંગ અને ટેકનોલોજી સેકટર માટે નોલેજ કલસ્ટર જેવા અનેક સેકટરો માટે સૌરાષ્ટ્ર રીજીઅન સમગ્ર ભારત તથા ગુજરાતમાં પ્રખ્યાત છે. ત્યારે આ નવી ઔદ્યોગીક નીતિમાં સૌરાષ્ટ્રના દરિયાકાંઠે આવેલા વિસ્તારોમાં ભારતનું ક્રુઝ કેપીટલ બનાવવું, ભાવનરગને પોર્ટનું અગ્રણી શહેર બનાવવું, વેરાવળ–પોરબંદર ખાતે ફીશ પ્રોસેસીંગ / નિકાસ પાર્ક, ગીર સોમનાથને આધ્યાત્મીક તેમજ વાઈલ્ડ લાઈફનું હબ બનાવવા જેવી અનેક જાહેરાતોથી રાજકોટ–સૌરાષ્ટ્રના તમામ ક્ષેત્રોના નાના–મોટા ઉદ્યોગકારો માટે એક 'ગેમ ચેન્જર' સાબિત થઈ શકશે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ પુર્ણ થયેલ ડિફેન્સ અને એરોસ્પેસ પોલીસીની પુનઃ રચના કરી તાત્કાલીક અમલમાં મુકવા અંગે રાજય સરકારશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

ગુજરાત રાજયની ડિફેન્સ અને એરોસ્પેસ પોલીસી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ પુર્ણ થઈ ગયેલ છે. ત્યારથી આજ દિન સુધી આ પોલીસીની પુનઃ રચના અથવા નવી પોલીસી અંગે કોઈપણ નિર્ણય થયેલ નથી. જેના કારણે ઉદ્યોગકારોને પારાવાર મુશ્કેલીઓ પડી રહી છે. તેમજ આ ઝડપી વિકાસ પામી રહેલા ડિફેન્સ અને એરોસ્પેસ ઉદ્યોગો માટે આ એક ચિન્તાનો વિષય બની ગયેલ છે. રાજકોટ તથા તેની આસપાસ આશરે ૨૫૦ થી પણ વધારે ડિફેન્સ અને એરોસ્પેસના ઉદ્યોગો કાર્યરત છે. જે DRDO, HAL, BEL, BHEL, ISRO ઓર્ડનન્સ ફેકટરીઓ, હેવી વ્હીકલ ફેકટરી, રાઈફલ ફેકટરી અને ભારતીય સશસ્ત્ર દળોને પણ સપ્લાય કરે છે. નવી પોલીસી જાહેર ન થવાના કારણે તેમને નવા ઓર્ડર મેળવવા અને નવા પ્રોજેકટ શરૂ કરવા માટે અનેક પડકારોનો સામનો કરવો પડી રહયો છે. પરિણામે આવા ઉદ્યોગો ના છુટકે બીજા રાજયોમાં પ્રસ્થાપીત થવા લાગ્યા છે. જે ગુજરાત રાજય માટે ખુબ જ નુકશાન કારક છે.

વધુમાં આ પોલીસીની પુનઃ રચના અથવા નવી પોલીસી જાહેર ન થવાથી માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના "આત્મનિર્ભર ભારત" તથા "વિકસીત ભારત@2047" ના વિઝનને વિપરીત અરસ કરી રહયું છે. જે ડિફેન્સ અને એરોસ્પેસના સાધનોની આયાત ઘટાડવા અને સ્થાનિક ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવા ઉપર ભાર મુકે છે. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજી સમક્ષ ડિફેન્સ અને એરોસ્પેસ પોલીસીની પુનઃરચના કરી તાત્કાલીક નવી પોલીસી અમલમાં મુકવા અંગે રજુઆત કરવામાં આવેલ છે.

વધુમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા છેલ્લા ૪ થી ૫ વર્ષોથી રજુઆત કરવામાં આવી રહી છે કે, રાજકોટ એ ડિફેન્સ અને એરોસ્પેસના ઘણા બધા પાર્ટસનું ઉત્પાદન કરી રહયું છે અને હબ ગણાય છે. ત્યારે સૌરાષ્ટ્ર રીજીઓનનો ડિફેન્સ એન્ડ એરોસ્પેસ પોલીસીમાં સમાવેશ કરી જંત્રીના ૨૫% દરે જમીન ફાળવવી. જેથી કરીને આવા ઉદ્યોગોને વેગ મળે. તેમજ ભારત સરકારની ડિફેન્સ અને એરોસ્પેસના સાધનો એકસપોર્ટ કરવાની જે નેમ છે એ નેમને સાર્થક કરવામાં રાજકોટ–સૌરાષ્ટ્ર સહભાગી બની રહેશે.

સાથો સાથ રાજકોટમાં આશરે એક હજારથી પણ વધુ ફોર્જીંગ અને કાસ્ટીંગના યુનીટો આવેલા હોય કે જેઓ ડિફેન્સ અને એરોસ્પેસના પાર્ટસમાં પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલા છે. ત્યારે સરકારી સુવિધા માટે રાજકોટ ખાતે ડિફેન્સ અને એરોસ્પેસ માટેનું કલ્સ્ટર ડેવલોપ કરવું ખુબ જ જરૂરી છે. જેથી કરીને આવા ઉદ્યોગને વધુ વેગ મળે. આમ આ માંગણી ખાસ ધ્યાને લઈને રાજકોટ સૌરાષ્ટ્રને આ પોલીસીમાં સમાવી તાત્કાલીક પોલીસીની પુનઃ રચના કરી ઘટતું કરવું. જેથી સૌરાષ્ટ્ર ડિફેન્સ અને એરોસ્પેસના હબ તરીકે વિકસીત થઈ શકશે. તેમાં કોઈ શંકા ને સ્થાન નથી.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ભારત દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીને વડાપ્રધાન તરીકેના સફળતાના ૧૨ વર્ષ પુર્ણ થવા બદલ હાર્દિક અભિનંદન પાઠવેલ...

દેશના લોકલાડીલા અને યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ વડાપ્રધાન તરીકેના સફળતાના ૧૨ વર્ષ પુર્ણ કરી જે ઈતિહાસ રચ્યો છે તે બદલ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા ખુબ ખુબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવેલ છે.

માનનીય વડાપ્રધાનશ્રીના દ્રઢ નેતૃત્વ, દુરંદેશી વિચારો, પ્રજાની સુખાકારી માટે સતત ચિંતાશીલ રહી અને રાષ્ટ્રહિતને સર્વોપરી રાખીને કરવામાં આવેલા કાર્યોથી ભારત દેશએ વૈશ્વિક સ્તરે એક નવી ઓળખ પ્રાપ્ત કરી છે. વેપાર–ઉદ્યોગ, ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલોપ, ડિજિટલાઈઝેશન, આત્મનિર્ભર ભારત, મેઈક ઈન ઈન્ડિયા, છેવાડાના માનવી સુધી સરકારશ્રીની તમામ યોજનાઓનો લાભ પહોંચાડવો તથા Ease of Doing Business જેવા અનેક ક્ષેત્રોમાં થયેલી નોંધપાત્ર પ્રગતિ દેશના સર્વાંગી વિકાસમાં મહત્વપુર્ણ સાબિત થઈ છે. માનનીય વડાપ્રધાનશ્રીના કાર્યકાળ દરમ્યાન વેપાર–ઉદ્યોગ, MSMEs, આયાત–નિકાસ વિગેરે ક્ષેત્રોને પ્રોત્સાહન આપતી વિવિધ નીતિઓના પરિણામે દેશના આર્થિક વિકાસને નવી ગતિ મળી છે. તેમજ વેપાર–ઉદ્યોગ જગતને સશકત બનાવવા માટેના લેવાયેલા નિર્ણયો માટે

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી માનનીય વડાપ્રધાનશ્રીનો સહદય આભાર વ્યકત કરે છે. આવનારા દિવસોમાં માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વ થકી ભારત દેશ નવી ઉચાઈઓ સુધી પહોંચે તથા ભારત વિશ્વગુરૂ બનવાના સંકલ્પને વધુ મજબુત બનાવે તેવી શુભેચ્છાઓ પાઠવી ફરીવાર હાર્દિક અભિનંદન પાઠવવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધિઓ દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુકત પદાધીકારીશ્રીઓની શુભેચ્છા મુલાકાત લઈ હાર્દિક અભિનંદન પાઠવેલ...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા, વ્યવસ્થાપક સમિતિના સભ્યશ્રી રાજેશભાઈ જુંજા દ્વારા રાજકોટ મહાનગરપાલિકાના નવ નિયુકત થયેલ મેયરશ્રી ડો.નેહલભાઈ શુકલ, ડેપ્યુટી મેયરશ્રીમતી દક્ષાબેન વસાણી, સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી પરેશભાઈ પીપળીયા અને શાસક પક્ષ નેતાશ્રી હિરેનભાઈ ખીમાણીયાની શુભેચ્છા મુલાકાત લઈ હાર્દિક અભિનંદન પાઠવેલ હતા.

રાજકોટ શહેર વેપાર–ઉદ્યોગ સહિત દરેક ક્ષેત્રોમાં સતત પ્રગતિ કરી રહયું છે અને ભારત દેશના ઝડપી વિકાસ પામતા શહેરોમાં આગવું સ્થાન કરાવે છે. ત્યારે પદાધિકારીશ્રીઓના નેતૃત્વ હેઠળ રાજકોટનો સર્વાંગી વિકાસ વધુ ગતીશીલ બનશે તથા વેપાર–ઉદ્યોગ અને નાગરીકોના પ્રશ્નોને વાચા મળવાની સાથે ઉતમ સુવિધાઓ પ્રાપ્ત થશે તેવી પુર્ણ આશા વ્યકત કરેલ. તેમજ રાજકોટ શહેરના વિકાસ અવરોધક પ્રશ્નો, સ્વચ્છતા, આધુનીક ઈન્ફ્રાસ્ટ્રકચર તથા વેપાર–ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે સફળતાપુર્વક કાર્ય કરવામાં આવે તેવી અંતઃકરણથી શુભકામનાઓ આપેલ હતી. આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નવ નિયુકત પદાધિશ્રીઓની સાથે મળી આવનારા દિવસોમાં વેપાર–ઉદ્યોગકારો તેમજ શહેરની જનતાના ઉદભવતા પ્રશ્નોને વાચા આપવા માટે હંમેશા કાર્ય કરીશું. તેમજ રાજકોટ શહેરના વિકાસને વધુ વેગ આપવા સહભાગી થઈશું.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ૩૧ મે ૨૦૨૬ સુધીમાં નવા સોલાર પાવર પ્લાન્ટ માટે રજીસ્ટ્રેશન કરનાર તમામ અરજદારોને Non-DCR સોલાર પેનલ ઈન્સ્ટોલેશનના લાભો આપવા અને પ્રોજેકટ કમિશનિંગ પુર્ણ કરવા માટે ત્રણ મહિનાની સમય મર્યાદા વધારવા માનનીય વડાપ્રધાનશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

"ઉર્જા સુરક્ષા" એ આપણા અર્થતંત્રની કરોડરજ્જુ છે અને હાઈડ્રોજન, બાયો–ઈંધણ અને કુત્રિમ ઈંધણ જેવા વૈકલ્પીક ઈંધણનો વિકાસ અને સ્થાનીક ઓઈલ પુરવઠા અને માંગ વચ્ચેના અંતરને દુર કરવા માટે તેનો ઉપયોગ ઓઈલ આયાત પરની નિર્ભરતા ઘટાડશે.

ભારત દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના "વોકલ ફોર લોકલ" ના સ્વપ્નને સાર્થક કરવાના અભિયાન હેઠળ આગામી તા.૩૧–૦૫–૨૦૨૬ પછીથી સોલાર પ્રોજેકટો માટે Non-DCR સોલાર પેનલનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવનાર છે અને તા.૦૧–૦૬–૨૦૨૬ થી તમામ કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ સોલાર પ્રોજેકટ અને નેટ મીટરીંગ મંજુરીઓ માટે ડોમેસ્ટીક કન્ટેન્ટ રિકવાયરમેન્ટ (DCR) સલોર પેનલનો ઉપયોગ કરવાનું ફરજીયાત કરવામાં આવનાર છે. આ પેનલ્સ ALMM (Approved List of Models and Manufacturers) માંથી પણ મેળવવા આવશ્યક છે. આમ ભારતમાં જ બનેલ DCR સોલાર પેનલનો ઉપયોગ કરવાના આ નિર્ણયને અમો સહર્ષ આવકારીએ છીએ અને દેશની ઉર્જા સુરક્ષા અને સ્થાનીક ઉત્પાદનને પ્રોત્સાહન આપતું પગલુ ગણી શકાય.

આમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી સમક્ષ તા.૩૧–૦૫–૨૦૨૬ સુધીમાં નવા સોલાર પ્લાન્ટ માટે રજીસ્ટ્રેશન કરનાર તમામ અરજદારોને Non-DCR સોલાર પેનલના ઈન્સ્ટોલેશનના લાભો આપવા માટે અને પ્રોજેકટ કમિશનિંગ પુર્ણ કરવા માટે તા.૦૧–૦૬–૨૦૨૬ થી ત્રણ મહિના સુધીની સમય મર્યાદા તાત્કાલીક વધારી આપવા રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ અન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા સવારની રાજકોટ–દિલ્હી માટેની અને સાંજની રાજકોટ–મુંબઈ માટેની રદ થયેલી ફલાઈટો તાત્કાલીક શરૂ કરવા કેન્દ્રીય નાગરીક ઉડયનમંત્રીશ્રી સમક્ષ રજુઆત કરવામાં આવી...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી એરલાઈન્સ સુવિધા મળી રહી તે માટે સરકારશ્રી સમક્ષ અવાર–નવાર રજુઆતો કરવામાં આવે છે. ત્યારે રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય તેમજ ઈન્ડસ્ટ્રીયલ હબ તરીકે ગણાય છે. વધુમાં MSME એકમોથી પથરાયેલ હોય અને આયાત–નિકાસ પણ દિન પ્રતિદિન વધી રહયું હોવાથી વિદેશી મુલાકાતીઓ પણ આવતા હોય છે. તેમજ ઐતીહાસીક સ્થળોથી પથરાયેલ હોવાથી પ્રવાસીઓની સંખ્યા પણ વધી રહી છે.

રાજકોટ–દિલ્હી અને રાજકોટ–મુંબઈ માટે સતત વધતા જતા મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખીને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની અગાઉની રજુઆતના ફળ સ્વરૂપે એર ઈન્ડિયાની સવારની રાજકોટ–દિલ્હી માટેની અને

સાંજની રાજકોટ–મુંબઈ માટેની ફ્લાઈટ શરૂ થયેલ હતી. જેનાથી વેપાર–ઉદ્યોગકારોના પ્રતિનિધિઓ પોતાની કામગીરી એક જ દિવસે પુર્ણ કરી પરત ફરતા હતા. પરંતુ હાલમાં આ બન્ને ફલાઈટો બંધ થઈ ગયેલ હોવાથી વેપાર–ઉદ્યોગકારો તેમજ મુસાફરોને ખુબ જ હાલાકીનો સામનો કરવી પડી રહયો છે.

ત્યારે કેન્દ્ર સરકારશ્રી દ્વારા Aviation Turbine Fuel (ATF) ઉપર વેટમાં કરાયેલ ઘટાડાના પરિણામે એરલાઈન્સ ઓપરેટર્સને નોંધપાત્ર આર્થિક રાહત મળી છે. જેનાથી ફલાઈટના ઓપરેશન્સના વિસ્તરણ અને પુનઃપ્રારંભ માટે સકારાત્મક પરિસ્થિતી ઉભી થયેલ છે. ત્યારે ઈન્ટરનેશનલ કનેકટીવીટી અને ડોમેસ્ટીક બિઝનેશ માટે ઘણી બધી ઈફેકટ કરતી આ બન્ને ફલાઈટો હોય અને ખુબ જ જરૂરી હોવાથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા કેન્દ્રીય નાગરીક ઉડયનમંત્રીશ્રી કિન્નજારપ્પુ રામમોહન નાયડુજી તથા એરઈન્ડિયાના ચેરમેનશ્રી સમક્ષ સવારની રાજકોટ–દિલ્હી માટેની અને સાંજની રાજકોટ–મુંબઈ માટેની ફલાઈટો તાત્કાલીક અસરથી શરૂ કરવા રજુઆત કરવામાં આવેલ છે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા Nasscom-Centre of Excellence-IoT & AI ના સંયુકત ઉપક્રમે "AI & Smart Manufacturing Workshop for Industries" અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું...




રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા Nasscom-Centre of Excellence-IoT & AI ના સંયુકત ઉપક્રમે "AI & Smart Manufacturing Workshop for Industries" અંગે નિઃશુલ્ક વર્કશોપનું તા.૧૪–૦૫–૨૦૨૬, ગુરૂવારના રોજ આયોજન કરવામાં આવ્યું.

માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ સૌને આવકારી રાજકોટ ચેમ્બર દ્વારા અવાર–નવાર વિવિધ સેકટરને લગતા તેમજ સરકારશ્રીની પોલીસીઓની સૌને જાણકારી મળી રહે તે માટે અલગ અલગ સેમીનારો યોજવામાં આવી રહયા છે તો તેનો ખાસ લાભ લેવો તેમજ કોઈપણ પ્રશ્ન કે સમસ્યા હોય તો રાજકોટ ચેમ્બરનું ધ્યાન દોરવાનું જણાવેલ.

વકતાશ્રી સિધ્ધાર્થ કામથએ જણાવેલ કે, આજના ઝડપી બદલતા આધુનીક અને સ્પર્ધાત્મક યુગમાં ઉત્પાદકો આર્ટીફિશીયલ ઈન્ટેલિજન્સ (AI), એનાલીટીકસ અને ઈન્ટરનેટ ઓફ થીંગ્સ (IoT) જેવી આધુનીક ટેકનોલોજી આધારીત સ્માર્ટ સોલ્યુશન અપનાવીને ઉદ્યોગોની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો કરી શકે છે. ખાસ કરીને AI અને IoT, સ્માર્ટ મેન્યુફેકચરીંગ જેવી આધુનિક ટેકનોલોજીના ઉપયોગથી ઉત્પાદન ક્ષમતા વધારવા, ખર્ચ ઘટાડવા, ગુણવતા સુધારવા તથા મશીન બ્રેકડાઉન ઘટાડવા, મોનીટરીંગ સિસ્ટમ, કોમ્પ્યુટર વિઝન કવાલીટી ઈન્સ્પેકશન, સ્માર્ટ ઈનવેન્ટરી મેનેજમેન્ટ અને પ્રિડકટીવ મેઈનટેનન્સ, એનર્જી ઓપ્ટીમાઈઝેશન, સપ્લાય ચેઈન મેનેજમેન્ટ તથા ડેટા ડ્રાઈવેન ડીસીઝન મેકીંગ જેવા મુદાઓ ઉપર પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી આપેલ હતી. વધુમાં MSME એકમો માટે સરકારની વિવિધ Industry 4.0 અને Digital Adoption યોજના અંગે તેમજ MSME ઉદ્યોગોને સ્માર્ટ ટેકનોલોજી અપનાવવા માટે ફ્રી ડાયગનોસ્ટીક સ્ટડી, IoT આધારીત સીમ કીટ ઈન્સટોલેશન અને AI સ્ટાર્ટ ઈકોસીસ્ટમ જેવા લાભોની પણ માહિતી આપવામાં આવેલ હતી. ત્યાર બાદ ઉપસ્થિત ઉદ્યોગકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે યોગ્ય પ્રત્યુતર આપવામાં આવેલ હતા. સમગ્ર વર્કશોપનું સંચાલન અને આભાર વ્યકત રાજકોટ ચેમ્બરના ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા કરેલ હતું.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રાજકોટ થી હરિદ્વાર વચ્ચે દૈનીક ડાયરેકટ ટ્રેન તાત્કાલીક શરૂ કરવા કેન્દ્ર તથા રાજય સરકાર સમક્ષ ભારપુર્વક રજુઆત...

રાજકોટ–સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ સારી રેલ્વે સુવિધા મળી રહે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી હર હંમેશ રજુઆતો કરી નિરાકરણ લાવવા પ્રયાસ કરી રહયું છે. ત્યારે રાજકોટ સૌરાષ્ટ્રનું પાટનગર હોય હજારોની સંખ્યામાં મુસાફરો રાજકોટથી રેલ્વે મારફતે મુસાફરી કરી રહયા છે. ભારત દેશનું અત્યંત મહત્વ અને ઐતિહાસીક તીર્થધામ હરિદ્વાર શ્રધ્ધાનું કેન્દ્ર છે અને હજારો શ્રધ્ધાળુઓ હરિદ્વાર ખાતે મુસાફરી કરી રહયા છે. ત્યારે હાલમાં રાજકોટ થી હરિદ્વાર જવા માટે માત્ર એક જ સપ્તાહીક ટ્રેન ઓખા–દેહરાદુન ઉતરાંચલ એકસપ્રેસ ચાલુ છે. જેના કારણે મુસાફરોને કન્ફર્મ ટિકિટ મેળવવામાં ભારે મુશ્કેલી પડે છે અને લાંબુ વેઈટીંગ લિસ્ટ રહે છે. આ કારણોસર મુસાફરોએ કનેકટીંગ ટ્રેનો દ્વારા બે થી ત્રણ જગ્યાએ ગાડી બદલવી પડે છે અથવા અમદાવાદથી મુસાફરી કરવી પડે છે. જે સમય અને નાણાં બન્નેનો વ્યય થાય છે. ખાસ કરીને બીમાર વ્યકિતઓ, વયોવૃધ્ધ અને બાળકો સાથે મુસાફરી કરતી મહિલાઓ માટે આ પરિસ્થિતી અત્યંત કષ્ટદાયક બની રહી છે.

આશ્ચર્યજનક વાત એ છે કે, રાજકોટની સરખામણીએ નાના શહેર એવા ભાવનગર પાસે હરિદ્વાર માટેની ત્રણ ડાયરેકટ ટ્રેનોની સુવિધા ઉપલબ્ધ થઈ રહી છે. જયારે સૌરાષ્ટ્રના હાર્દ સમાન એવા રાજકોટને હજુ સુધી એક પણ દૈનીક ટ્રેનની સુવિધાથી વંચિત રાખવામાં આવ્યું છે. રેલ્વે તંત્રના આ ભેદભાવના કારણે સ્થાનીક જનતાઓમાં ભારે રોષ અને અન્યાની લાગણી ઉઠી રહી છે. તો રાજકોટને આવો અન્યાય શા માટે..? વધુમાં ડબલીંગ અને ઈલેકટ્રફિકેશનના કામો પુર્ણ થઈ ગયેલ હોવા છતા નવી ટ્રેનો પુરી પાડવામાં રેલ્વે તંત્ર દ્વારા સૌરાષ્ટ્રની સંપુર્ણપણે અવગણના કરવામાં આવી રહી છે.

આમ રાજકોટ થી હરિદ્વાર માટે દિન પ્રતિદિન વધતી જતી મુસાફરોની સંખ્યાને તેમજ મુસાફરોને ભોગવવી પડતી મુશ્કેલીને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા કેન્દ્રીય રેલ્વેમંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવજી, ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી, કેન્દ્રીય ગુહમંત્રીશ્રી અમિતભાઈ શાહજી

તથા વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરશ્રી સમક્ષ ભારપુર્વક રજુઆત કરવામાં આવેલ છે કે, (૧) હાલની સપ્તાહીક "ઉતરાંચલ એકસપ્રેસ" ને દૈનીક શરૂ કરવી, (૨) વચ્ચગાળાની સુવિધા માટે આ ટ્રેનની ફિકવન્સી ઓછામાં ઓછી સપ્તાહમાં ત્રણ દિવસ કરવી, (૩) અમદાવાદ–હરિદ્વાર વચ્ચે ચાલતી "યોગા એકસપ્રેસ" ને તાત્કાલીક અસરથી રાજકોટ સુધી લંબાવવી, (૪) રાજકોટ થી હરિદ્વાર માટે એક નવી એકસપ્રેસ ટ્રેન શરૂ કરવી. રાજકોટ થી હરિદ્વાર માટેની કનેકટીવીટ વધારવાથી માત્ર યાત્રાળુઓને જ સુવિધા નહી મળે, પરંતુ પર્યટનને વેગ મળશે અને પ્રાદેશિક વિકાસમાં પણ ખુબ જ વધારો થશે.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા પ્રેફેન્સીયલ સર્ટીફિકેટ ઓફ ઓરીજીનનું (CoO) વિકેન્દ્રીકરણ કરી ઈશ્યું કરવાની સતા રાજયની અગ્રણી ચેમ્બર ઓફ કોમર્સ અને FIEO ને આપવા રજુઆત કરવામાં આવેલ...

ભારત દેશના સર્વાંગી વિકાસ માટે નિકાસ એ એક મહત્વનું પરીબળ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના દુરંદેશી નેતૃત્વ હેઠળ નિકાસ વધારવા, રોકાણો આકર્ષવા અને ભારતીય વ્યવસાયો ખાસ કરીને MSMEs ને ગ્લોબલ વેલ્યુ ચેઈન્સમાં સંકલિત કરવા માટે સક્રિયપણે મુકત વ્યાપાર કરારો (Free Trade Agreements (FTAs) કરવામાં આવી રહયા છે. જેમાં તેના નીતિ–નિયમો પ્રમાણે નિકાસકારો–આયાતકારોને ડયુટીમાં મુકિત જેવા ફાયદાઓ અને લાભો પ્રાપ્ત થાય છે અને તે માટે દરેક નિકાસકારોએ અન્ય દેશોમાં નિકાસ કરવા પ્રેફેન્સીયલ સર્ટીફિકેટ ઓફ ઓરીજીન મેળવવાનું રહે છે અને તે અત્યંત મહત્વપુર્ણ હોય છે.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી નોન પ્રેફેન્સીયલ સર્ટીફિકેટ ઓફ ઓરીજીન ઈશ્યું કરવાની સતા ધરાવે છે. આ સંદર્ભમાં નિકાસ પ્રક્રિયાને વધુ ઝડપી અને સરળ બનાવવા માટે પ્રેફેન્સીયલ સર્ટીફિકેટ ઓફ ઓરીજીનનું વિકેન્દ્રીકરણ કરી ઈશ્યું કરવાની સતા રાજયની અગ્રણી ચેમ્બર ઓફ કોમર્સ અને ફેડરેશન ઓફ ઈન્ડીયન એકસપોર્ટ ઓર્ગેનાઈઝેશન (FIEO) ને આપવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા માનનીય સંસદ સભ્યશ્રી પુરૂષોતમભાઈ રૂપાલાજી તથા ભારત સરકારના વાણિજય મંત્રાલય દ્વારા સ્થાપીત ફેડરેશન ઓફ ઈન્ડીયન એકસપોર્ટ ઓર્ગેનાઈઝેશન ન્યુ દિલ્હીના ડાયરેકટર જનરલ અને ચીફ એકિઝકયુટીવ ઓફિસરશ્રી ડો. અજય સહાય અને એડીશનલ ડાયરેકટર જનરલશ્રી સુવિધ શાહ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

પ્રેફેન્સીયલ સર્ટીફિકેટ ઓફ ઓરીજીનના વિકેન્દ્રીકરણ કરી અને ઈશ્યું કરવાની સતા આપવાના મુખ્ય ફાયદાઓ જેમ કે, નિકાસ સંબંધિત પ્રક્રિયાઓ વધુ સુવ્યવસ્થિત બનશે, વ્યવહારનો સમય અને ખર્ચમાં ઘટાડો થશે, તેમજ MSMEs માટે સંસ્થાકીય સમર્થનને મજબુત બનાવશે. આમ આ નિર્ણય જો તાત્કાલીક લેવામાં આવે તો ભારતને વૈશ્વીક નિકાસ હબ બનાવવાના લક્ષ્યને હાંસલ કરવામાં અને સ્થાનીક ઉદ્યોગોને આતંરરાષ્ટ્રિય સ્તર ઉપર મજબુત પ્લેટફોર્મ પુરૂ પાડવામાં મદદરૂપ સાબિત થશે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, Jt. DGFT, ECGC તથા FIEO ના સંયુકત ઉપક્રમે "નિકાસને જોખમમુકત કરી, વૃધ્ધિને પ્રોત્સાહીત કરવા તેમજ ECGC ના લાભો" અંગે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું...



રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જોઈન્ટ ડીજીએફટી–રાજકોટ, એકસપોર્ટ ક્રેડિટ ગેરેન્ટી કોર્પોરેશન ઓફ ઈન્ડિયા તથા ફેડરેશન ઓફ ઈન્ડિયન એકસપોર્ટ ઓર્ગેનાઈઝેશનના સંયુકત ઉપક્રમે "નિકાસને જોખમમુકત કરી, વૃધ્ધિને પ્રોત્સાહીત કરવા તેમજ ECGC ના લાભો" અંગે સેમીનારનું તા.૧૭–૦૪–૨૦૨૬, શુક્રવારના રોજ આયોજન કરવામાં આવેલ હતું. જેમાં જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોની, ECGC ના બ્રાન્ચ મેનેજરશ્રી બિજેન્દ્રકુમાર ત્રિપાઠી, એકઝીકયુટીવ ઓફિસરશ્રી તુષાર વર્મા તથા મનેજરશ્રી પિયુષ પલ્લવ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપેલ હતું. જેનો બહોળી સંખ્યામાં નિકાસકારોએ લાભ લીધેલ.

સેમીનારના પ્રારંભે રાજકોટ ચેમ્બરના ઉપપ્રમુખ તથા ફિઓના સૌરાષ્ટ્ર રીજીઓનના કન્વીનરશ્રી પાર્થભાઈ ગણાત્રાએ સૌને આવકારી આ સેમીનાર MSME ને ખુબજ ઉપયોગી બની રહેશે. ખાસ કરીને હાલની વૈશ્વીક યુધ્ધની પરિસ્થિતિમાં નિકાસ દરમ્યાન વોર રીસ્ક ઉપર જે સરચાર્જ લીધેલ હોય તો તેમાં ૫૦% રીમ્બર્સમેન્ટ મળવાપાત્ર થાય તેની પ્રક્રિયા કેવી રીતે કરી શકાય તેની જાણકારી અપાશે. વધુમાં રાજકોટ ચેમ્બર દ્વારા અવાર–નવાર વિવિધ સેકટરને લગતા સેમીનારો યોજવામાં આવે છે તો તેનો ખાસ લાભ લેવો અને કોઈપણ પ્રશ્નોની રજુઆત હોય તો તે મોકલી આપવી તેનું યોગ્ય નિરાકરણ લાવવા પ્રયાસ કરીશું.

ECGC ના બ્રાન્ચ મેનેજરશ્રી બિજેન્દ્રકુમાર ત્રિપાઠી તથા જોઈન્ટ ડીજીએફટીશ્રી રોહિત સોનીએ જણાવેલ કે, હાલની વૈશ્વીક યુધ્ધની પરિસ્થિતિમાં નિકાસકારોને નિકાસ દરમ્યાન જે જે અલગ અલગ અસહય ચાર્જ ચુકવવા પડી રહયા છે તે માટે સરકારશ્રી દ્વારા જે RELIEF સ્કીમ બહાર પાડેલ છે તે અંગે તેમજ ECGC દ્વારા મળવાપાત્ર થતા વિવિધ ફાયદાઓનો ખાસ લાભ લેવા અનુરોધ કરેલ. તેમજ આ અંગે કોઈપણ સમસ્યા હોય તો ECGC અને રાજકોટ ડીજીએફટી ઓફિસનો સંપર્ક સાધવો.

ECGC ના એકઝીકયુટીવ ઓફિસરશ્રી તુષાર વર્માએ જણાવેલ કે, ECGC એ ભારતીય નિકાસકારોને કોમર્શીયલ અને પોલીટીકલ રીસ્ક સામે નિકાસ ક્રેડિટ વીમા સહાય પુરી પાડે છે, ખરીદદારની નાદારી, ચુકવણી ડીફોલ્ટ અને સંઘર્ષને કારણે શિપિંગ રૂટ ફેરફારો સામે રક્ષણ સુનિશ્ચિત કરે છે. ત્યારે યુધ્ધની પરિસ્થિતિમાં નિકાસને સુરક્ષીત રાખવા માટે સરકારશ્રીએ Resilience & Logistics Intervention for Export Facilitation પેકેજ જાહેર કરેલ છે. જેના મુખ્ય ત્રણ ઘટકો છે (૧) પહેલાથી જ વીમો ધરાવતા નિકાસકારો માટે વળતર (૨) આગામી નિકાસ માટેના શિપમેન્ટ માટે સહાય (૩) નોન ECGC વીમાકૃત MSME માટે વળતર વિગેરે વિવિધ મુદાઓ ઉપર સંપુર્ણ માહિતી આપેલ હતી. આમ આ બાબતે વધુ માહિતીની જરૂરીયાત હોય તો રાજકોટ ચેમ્બર ઓફિસનો સંપર્ક સાધવા અનુરોધ કરવામાં આવેલ. તેમજ નિકાસકારો દ્વારા પુછાયેલ પ્રશ્નો અંગે યોગ્ય પ્રત્યુતર પાઠવવામાં આવેલ હતા. સમગ્ર સેમીનારનું સંચાલન ફીઓ વેસ્ટર્ન રીજીઓનના આસીસટન્ટ ડીરેટકરશ્રી પ્રફુલ સોલંકીએ કરેલ અને આભાર વ્યકત મનેજરશ્રી પિયુષ પલ્લવએ કરેલ.

## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી સમક્ષ પશ્ચિમ એશિયામાં અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલ યુધ્ધને તાત્કાલીક રોકવા માટે ભારત દેશએ મધ્યસ્થી થવા અંગે રજુઆત કરવામાં આવી...

વિશ્વમાં શાંતિ અને સ્થિરતા જાળવવામાં ભારત હંમેશા અગ્રણી રહયું છે. ત્યારે આશરે દોઢ મહિનાથી પશ્ચિમ એશિયામાં અમેરીકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલ યુધ્ધને કારણે ભારત દેશ સહિત અન્ય અનેક દેશોને પારાવાર નુકશાન પહોંચી રહયું છે અને પરિસ્થિતી વિકટ બની ગઈ છે. તેમજ આ યુધ્ધમાં અનેક નાના–મોટા બાળકો, વૃધ્ધો જેવા નિર્દોષ લોકોના મૃત્યુ થઈ રહયા છે તે ચિંતાજનક છે. ભારત દેશ સમગ્ર વિશ્વમાં ઔદ્યોગીકક્ષેત્રે પોતાની આગવી છાપ ધરાવે છે ત્યારે આ વૈશ્વીક યુધ્ધની પરિસ્થિતિના કારણે વેપાર–ઉદ્યોગકારો અને માનવ જીવન ઉપર તેની ગંભીર અસર પહોંચી રહી છે. આ વૈશ્વીક યુધ્ધની તણાવપુર્ણ પરિસ્થિતિ સમગ્ર વિશ્વ માટે એક ચિંતાનો વિષય બની ગયો છે. ત્યારે આ યુધ્ધને રોકવા માટે વાટાઘાટો ચાલી રહી છે અને બીજા અન્ય દેશો તેમાં મધ્યસ્થી થઈ રહયા છે.

ભારત દેશ એક શાંતિપ્રય દેશ તરીકે સમગ્ર વિશ્વમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે અને તમામ દેશો સાથે મૈત્રીપુર્ણ સંબંધો ધરાવે છે અને સમગ્ર વિશ્વની અંદર એક સાર્વત્રીક અને મજબુત નેતૃત્વ ધરાવનાર નેતા હોય તો તે એક માત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીજી છે. ત્યારે આમા ભારત દેશએ તાત્કાલીક અસરથી મધ્યસ્થી થઈને યુધ્ધ બંધ કરાવવું જોઈએ. જેથી કરીને સમગ્ર વિશ્વના અને ખાડી દેશોને થઈ રહેલી પારાવાર નુકશાનીથી બચાવી શકાય અને આવનારા દિવસોમાં ભારત દેશના અર્થતંત્ર ઉપર જે અસર થઈ રહી છે તેને બચાવી શકાય.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી એક માત્ર એવી વ્યકિત છે કે જે ૫૬ ઈંચની છાતી ધરાવે છે અને મજબુત વ્યકિત્વ ધરાવીને એક વિશ્વનીય ઓળખ ઉભી કરી છે. ત્યારે અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન આ ત્રણેય દેશો ઉપર માનનીય વડાપ્રધાનશ્રીનું ખુબ જ સારૂ પ્રભુત્વ હોય અને સમગ્ર વિશ્વ આની કાગડોળે રાહ જોઈ રહયું હોય તેવું જણાઈ રહયું છે તો આ આમા તાત્કાલીક અસરથી મધ્યસ્થી થઈને યુધ્ધ બંધ કરાવવું જોઈએ. તેમજ જે દેશની ત્રેવડ નથી એ દેશ આમા મધ્યસ્થી થવાના ફાફા મારી રહયું છે ત્યારે ભારત દેશ એક સક્ષમ દેશ હોય આમાં મધ્યસ્થી કરે તો એક સોનામાં સુગંધ ભળશે અને અમોને આશા અને વિશ્વાસ છે કે માનનીય વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આ વૈશ્વીક યુધ્ધની પરિસ્થિતિમાં કોઈ નકકર પરિણામ આવશે જ અને સમગ્ર વિશ્વ તેની નોંધ લેશે. જો આ યુધ્ધ અટકશે નહી તો પારાવાર નુકશાની થવા પામશે અને મોંઘવારી બેકાબુરીતે ફાટી નિકળશે તેમજ ગેસ / ક્રુડ ઓઈલ સપ્લાયમાં જે મુશ્કેલીઓ આવી રહી છે તેના કારણે તેના ભાવ આસમાને પહોંચશે અને વલ્ડવોરના નિશાન દેખાઈ રહયા છે. તો આ અંગે તાત્કાલીક અસરથી ઘટતું કરવા અને યુધ્ધ બંધ કરાવવા માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી સમક્ષ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ દ્વારા રજુઆત કરવામાં આવી છે.

# We have submitted various representations during this quarter, some of which are narrated hereunder in nutshell.

(1) We had represented several important and concrete points for discussion / decision in PGRC meeting hold on 25-3-2026. This was attended by Shri Parth Ganatra, Vice President. He emphasisingly raised severe points like Rationalization of interest on delayed filling of GSTR-3B / Rationalization of GST Refund mechanism with present system and requisite suggestions in this regard / Penalty under Section 37 (present provision) and related suggestions etc.

(2) We had demanded exceptional permission to MSME and Hospital community to obtain Diesel in Drums and Carbas for day-to-day utilization in FORKLIFT Clip and Diesel Generator sets.

(3) We came across abnormally high foreign Exchange margin imposition by the shipping lines. Exporters have to bear high foreign exchange margin (currency fluctuation risk ). We have represented to The Foreign Exchange department of R.B.I. for their intervention and to decide the Foreign Exchange Margin by themselves.

(4) We represented to The Civil Aviation Ministry for providing of daily direct flight from Rajkot to Nagpur, Chennai and Kolkata.

(5) Customs Officials are increasingly demanding **Extended Producer Responsibility (EPR)** Registration Certificates for plastic / battery waste management. We have strongly represented for issuance of suitable standing order or clarification to the concerned officers and inspectors regarding impractical EPR compliance demand on transit / protective packaging.

(6) We have empathetically represented to The Addl. Director General, FIEO, New Delhi regarding Acute Shortage of Commercial LPG / PNG affecting adversely the entire industrial Operations and further for decentralization of issuance of Preferential Certificate of Origin (CoO). All these matters have been pursued to the Hon. Member Of Parliament too for his immediate refresher and onward submission to requisite ministries thereof.

(7) Stacking of IGST refund is one of the most effecting concepts to business community, particularly Exporters. We have sternly represented to the Commissioner (Customs), Mundra for the earliest clearing of pending IGST cases.

(8) We have emphasisingly represented to The Railway Minister, for consideration of acute injustice faced by travelling community due to in-adequate availability of direct trains from Rajkot to Haridwar / Rajkot to Jammu particularly for Amarnath and Mata Vaishnodevi Pilgrims.

(9) We have also represented to The Civil Aviation Ministry, New Delhi as Air India, Gurugram HR the severe difficulties and hurdles being faced by the Air-Travelling community due to closure of Rajkot – Delhi morning flight and Rajkot – Mumbai evening flight.

(10) We have apprised the Joint Commissioner, SGST, Rajkot regarding applicable percentage of GST on Solar Power Pumps. Different GST i.e. 5% (Main Rate) on HSN 85044090 & 18% (Standard Rate) on HSN 84137010 manufacturer face classification disputes & more. We have stressed to accommodate this issue in Public Grievance Redressal Meeting for confirmed consideration and requisite clarification thereof.

(11) The Gujarat Aerospace and Defense (A&D) Policy 2016 has already completed its term. We have apprised for formation of a new Aerospace and Defense policy to replace the original 2016 policy, which officially expired on December 31, 2025. We have proposed some key developments such Policy Evolution proposing incentive-driven policy / heavy Boosting to Investment as well MSME participation etc. which we believe will align with the recent broader Viksit Gujarat Industrial Policy 2026.

(12) We have apprised The Central Electricity Authority, New Delhi to convey appropriate clarification regarding applicability of Dry Type Transformers inside residential and commercial building under the Central Electricity Authority ( Measures relating to safety and electric supply) Regulations, 2023.

(13) We have apprised The Managing Director, PGVCL for redressal of several difficulties and inconveniencies being faced by consumers while applying for H. T. connection / Load Extension or Name Transfer etc. PGVCL has already issued requisite guidelines under ease of doing business reform. However, so many unnecessary documents are asked for and that in a bunch of four to five files. H.T. Consumers are compelled to submit all sets of documents in four sets even in case of load extension. In spite of online submission of requisite documents, consumers are forced to submit four or five sets of hard copies. Other relevant submissions are also made by us in this regard.

*******************************

**આવકવેરાની નવી યોજનાની પસંદગી કરાય તો માલિક દ્વારા પગારના ૧૪% સુધીના ફાળાને કરમુકત ગણવાની વિશેષ જોગવાઈ**

# નેશનલ પેન્શન સ્કીમ (NPS) અને આવકવેરા બચતના લાભ

## ભાવિ સુરક્ષાનું ઉપયોગી આયોજન કરતી નેશનલ પેન્શન સ્કીમની લાક્ષણિકતાઓ

NPS, ભારત સરકાર દ્વારા પ્રયોજીત સામાજીક સુરક્ષા યોજના (Social Security Scheme) ની સમકક્ષ, ફાળા આધારીત યોજના (Contribution Based Scheme) છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે શરૂ કરાયેલી આ યોજનાના વ્યાપનો વિસ્તાર કરાયો તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ અને સેલ્ફ એમ્પ્લોયડ કરદાતાઓ માટે પણ NPS ની યોજના ઉપલબ્ધ બની.

NPS નું નિયમન પેન્શન ફંડ રેગ્યુલેટરી અને ડેવલપમેન્ટ ઓથોરીટી (PFRDA) દ્વારા કરવામાં આવે છે. NPS હેઠળ અધિકૃત આઠ પેન્શન ફંડ મેનેજર (PFM) નિયત કરવામાં આવ્યા છે. જેમાં ICICI, HDFC, Kotak Mahindra, LIC, Reliance Capital, SBI, UTI, તેમજ Birla Sunlife નો સમાવેશ કરવામાં આવ્યો છે. NPS નું ખાતુ ખોલાવતી વખતે રોકાણકારને Permanent Retired Account Number (PRAN) અલોટ કરવામાં આવે છે. જે રોકાણકારોનો આજીવન નંબર રહે છે.

NPS હેઠળ બે પ્રકારના પ્રાઈમરી અકાઉન્ટ નિયત કરાયેલ છે. જેને NPS Tier-I Account તેમજ NPS Tier-II Account તરીકે ઓળખવામાં આવે છે. Tier-I Account ને Permanent Retired Account તરીકે ઓળખવામાં આવે છે. જેમાંથી ઉપાડ (Withdrawal) ની સુવિધાનો લાભ ઉપલબ્ધ નથી. Tier-I Account માં જમા થતી રકમોનું રોકાણ, રોકાણકારની ઈચ્છા અનુસાર, નિયત રોકાણમાં કરવામાં આવે છે. Tier-II Account માં સ્વૈચ્છીક ઉપાડની સુવિધાનો લાભ મળી શકે છે અને રોકાણકાર ઈચ્છે તે અનુસાર તેમાંથી ઉપાડ કરી શકાય છે.

NPS માં કરાતા રોકાણનો અમુક ફાળો ઈકિવટી શેરોમાં રોકાણ કરાય છે જેને લક્ષમાં રાખતા લાંબા ગાળાના રોકાણના સંદર્ભમાં આકર્ષક વળતર મળવાની શકયાતા રહે છે. NPS હેઠળ (Equity) માં કરાતું રોકાણ રોકાણકારની ઉંમરને લક્ષમાં રાખતા વધતી જતી ઉંમરે સાથે ઘટતા જતા પ્રમાણમાં કરવામાં આવે છે. રોકાણકારની પસંદગી મુજબ નીચેના ચાર વર્ગકરણ હેઠળ તેના ફાળાનું રોકાણ કરાય છે.

* Asset Class E-Equity & Related Instruments.
* Asset Class C-Corporate Debt & Related Instruments.
* Asset Class G-Government Bonds & Related Instruments.
* Asset Class A-Alternative Investment Funds.

### કલમ ૮૦ સીસીડી હેઠળ કપાતની યોજના

આવકવેરાના જુના કાયદા હેઠળ કલમ ૮૦ સીસીડી (નવા કાયદામાં કલમ ૧૨૪ અન્વયે સંબંધિત જોગવાઈઓ) ની યોજના હેઠળ, સમયો સમય કરાયેલા સુધારા સાથે, નીચે જણાવેલી જોગવાઈઓ અમલમાં છે :

– કરદાતા દ્વારા તેના ફાળા સ્વરૂપે નેશનલ પેન્શન સ્કીમમાં, તેના પગારના ૧૪% (આવકવેરાની જુની યોજના હેઠળ ૧૦%) થી વધે નહીં તેટલી, જમા કરાયેલી રકમ સંબંધી કલમ ૮૦ સીસીડી (૧) હેઠળ સંપુર્ણ કપાતનો લાભ આપવામાં આવેશે.

– કલમ ૮૦ સીસીડી (૧) હેઠળ કરાયેલા રોકાણના સંદર્ભમાં, સામાન્ય કપાત મર્યાદા રૂ.૧,૫૦,૦૦૦ (કલમ ૮૦ સીસીઈની મર્યાદાને આધીન) રહેશે.

– આવકવેરાની જુની યોજના હેઠળ NPS માં કરદાતાએ કલમ ૮૦ સીસીડી (૧) હેઠળ રૂ.૧,૫૦,૦૦૦ નું રોકાણ કર્યું હોય કે નહીં, પરંતુ કલમ ૮૦ સીસીડી (૧બી) હેઠળ રૂ.૫૦,૦૦૦ નું રોકાણ કરવામાં આવે, તો તે સંબંધી કપાતનો વધારાનો લાભ મળી શકશે.

– ઉપરોક્ત સુધારાને અનુલક્ષીને, વ્યકિતગત કરદાતાના કેસમાં, કલમ ૮૦ સીસીઈ હેઠળની રૂ.૧,૫૦,૦૦૦ ની નિયત રોકાણોની સામાન્ય કપાત મર્યાદા ઉપરાંત, કલમ ૮૦ સીસીડી (૧બી) હેઠળ NPS માં કરવામાં આવતા રોકાણના સંદર્ભમાં, વધારાના રૂ.૫૦,૦૦૦ ની કપાતનો લાભ પણ મળી શકશે. આમ, આ બન્ને કલમો હેઠળ રોકાણોનું આયોજન કરવામાં આવે, તો રૂ.૨,૦૦,૦૦૦ સુધીની કપાતનો લાભ મળી શકશે.

– કલમ ૧૭ હેઠળ કરાયેલી જોગવાઈ અનુસાર, માલિક દ્વારા નેશનલ પેન્શન સ્કીમમાં કર્મચારીના ખાતે જમા કરવામાં આવતા ફાળાને કર્મચારીની આવક (deemed income) માની લેવામાં આવે છે, પરંતુ કલમ ૮૦ સીસીડી (૨) અન્વયે આવા ફાળાને આકારણી વર્ષ ૨૦૨૫–૨૬ થી તેના પગારના ૧૪% ની મર્યાદામાં (New Tax Regime હેઠળ) કપાત તરીકે મજરે મળવાપાત્ર ગણાય છે. આકારણી વર્ષ ૨૦૨૪–૨૫ સુધીની જોગવાઈઓ અનુસાર, કેન્દ્ર તેમજ રાજય સરકારના કર્મચારીઓના કેસમાં પગારના ૧૪% તથા અન્ય કર્મચારીઓના કેસમાં પગારના ૧૦% ની મર્યાદામાં આ કપાત મળવાપાત્ર ગણાતી હતી.

– અકારણી વર્ષ ૨૦૨૧–૨૨ થી એવી જોગવાઈ કરવામાં આવી કે માલિક દ્વારા કર્મચારીના PF, Super Annuation કે NPS Accounts માં નાણાકીય વર્ષ દરમિયાન જમા કરાતી કુલ રકમો વાર્ષિક રૂ.૭,૫૦ લાખથી વધુ હોય, તો આવી વધારાની રકમને કરદાતાના હાથમાં કરપાત્ર સવલત ગણવામાં આવશે. આને આનુષંગિક એવા કરાયેલા બીજા સુધારા હેઠળ, એવી પણ જોગવાઈ કરવામાં આવી કે ઉપર જણાવ્યા મુજબ કરપાત્ર ગણવામાં આવતી રૂ.૭,૫૦ લાખથી વધારાની ફાળાની રકમના સંદર્ભમાં ઉદભવતી વાર્ષિક વ્યાજ, ડિવિડન્ડ કે અન્ય આવક સ્વરૂપી રકમને, કરદાતાના હાથમાં વર્ષો–વર્ષ કરપાત્ર સવલત ગણવામાં આવશે.

– કર્મચારીના પેન્શન અકાઉન્ટમાં જમા રકમ (તેનો અંગત ફાળો તથા માલિકનો ફાળો, જેના સંદર્ભમાં કલમ ૮૦ સીસીડી હેઠળ કપાત મજરે આપવામાં આવી હોય) તેમજ તેના ઉપર થયેલ વૃદ્ધિની રકમ (together with the amount accured thereon), પછીના કોઈ વર્ષ દરમિયાન, કર્મચારી કે તેના નોમિનીને, આવું અકાઉન્ટ બંધ કર્યાના સંદર્ભમાં કે પેન્શન સ્કીમમાંથી નીકળી જવાના કારણે ચુકવવામાં આવે અથવા 'એન્યુઈટી પ્લાન' હેઠળ પેન્શનના સ્વરૂપે ચુકવણી કરવામાં આવે, તો તે સંજોગોમાં કર્મચારીને મળતી રકમ, આવી પેન્શનની રકમને સંબંધિત વર્ષ માટે તેની કરપાત્ર આવક ગણવામાં આવશે. (કલમ ૮૦ સીસીડી (૩).

– કલમ ૮૦ સીસીડી (૧) હેઠળ કર્મચારીએ તેના પેન્શન એકાઉન્ટમાં જમા કરાવેલ ફાળા સંબધી કપાતનો લાભ લીધો હોય, તો તેના સંદર્ભમાં તેને સંદર્ભમાં તેને કલમ ૮૦સી હેઠળ કપાતનો કોઈ લાભ મળી શકશે નહીં. (કલમ ૮૦સીસીડી (૪).

– આ કલમના હેતુસર, જો કરદાતા દ્વારા કોઈ પાછલા વર્ષ (Previous Year) માં મળેલ રકમનો ઉપયોગ, તે જ વર્ષ દરમિયાન કોઈ એન્યુઈટી પ્લાનની ખરીદી માટે કરવામાં આવ્યો હોય, તો તે સંજોગોમાં કરદાતાને સંબંધિત પાછલા વર્ષ દરમિયાન કોઈ રકમ મળી નથી તેમ માની લેવામાં આવશે.(કલમ ૮૦સીસીડી(૫)

– આ કલમના હેતુસર, પગારની વ્યાખ્યામાં 'મોંઘવારી ભથ્થું' (Dearness Allowance) નો સમાવેશ થશે, પરંતુ અન્ય ભથ્થા તેમજ સવલતો (all other allowances and perquisites) ને લક્ષમાં લેવાશે નહી.

**કરદાતા દ્વારા NPS માંથી Exit સમયે કરાતા ઉપાડના ૬૦% રકમને  કરમુક્તિ**

કલમ ૧૦(૧૨એ) ની જોગવાઈ હેઠળ કરદાતાના NPS અકાઉન્ટને બંધ કરવાના તબકકે કે તેના દ્વારા NPS માંથી બહાર નીકળવાના સમયે, તેને મળવાપાત્ર કુલ રકમના ૪૦% ને કરમુકત ગણવાની જોગવાઈ આકારણી વર્ષ ૨૦૧૭–૧૮ થી અમલી બનાવવામાં આવી, જેનો આકારણી વર્ષ ૨૦૨૦–૨૧ થી વિસ્તાર કરીને ૬૦% કરવામાં આવ્યો છે.

**કર્મચારી દ્વારા પોતાના ફાળાના ૨૫% સુધી ઉપાડને પણ કરમુક્તિ**

કલમ ૧૦(૧૨બી) હેઠળ આકારણી વર્ષ ૨૦૧૮–૧૯ થી કરાયેલ જોગવાઈ અનુસાર, NPS માંથી કર્મચારી દ્વારા તેના ફાળાના ૨૫% રકમ સુધીના ઉપાડને કરમુકત ગણવાની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે.

******************************

**'ફેમિલી એરેન્જમેન્ટ' હસ્તાંતરણ ગણાતું ન હોઈ યોગ્ય કેસોમાં તેનો ઉપયોગી આધાર લઈ શકાય !**

# એચ.યુ.એફ. ના પાર્ટિશન દ્વારા કરવેરા આયોજનના લાભ !

**પાર્ટિશન અંગે પ્રાસ્તાવિક ખ્યાલ તેમજ હિંદુ લો અને આવકવેરા કાયદાની જોગવાઈઓ**

હિંદુ લો તથા આવકવેરાના કાયદાના પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતો અનુસાર, કોઈ પણ HUF નું વિભાજન (Partition) સંપુર્ણ (Total) અથવા અંશતઃ (Partial) હોઈ શકે. જો HUF ના બધા જ સભ્યો HUF ની સંપુર્ણ મિલ્કતની આપસમાં વહેંચણી કરીને છુટ પડે, તો આ સંજોગોમાં આને 'ટોટલ પાર્ટિશન' કહેવામાં આવે છે. પરંતુ જો HUF ના અમુક સભ્યો HUF માંથી પોતાનો ભાગ લઈને છુટા પડે અથવા HUF ની અમુક જ મિલકતની વહેચણી સભ્યો વચ્ચે કરવામાં આવે, તો આ સંજોગોમાં આને 'પાર્શિયલ પાર્ટિશન' કહેવામાં આવે છે.

HUF ના પાર્ટિશન માટેની માગણી HUF ના કોઈપણ કોપાર્સનર જ કરી શકે. ૨૦૦૫ માં પસાર કરાયેલા Hindu Succession (Amendment) Act હેઠળ હવે પુત્રીને પણ કો–પાર્સનર તરીકેના હકક પ્રદાન કરવામાં આવ્યા છે. HUF નું પાર્ટિશન કરવામાં આવે ત્યારે હિંદુ લો ના માન્ય સિદ્ધાંતો અનુસાર, પાર્ટિશન સમયે થતી મિલકતની વહેંચણીમાં અન્ય કોપાર્સનરોના જેટલો જ સરખો હિસ્સો મેળવવા માટે પત્ની પણ હકદાર બને છે. આજ પ્રમાણે પિતાના મૃત્યુ પછી વિધવા માતા અને પુત્રો વચ્ચે ચાલુ રહેલા HUF નું પાર્ટિશન કરવામાં આવે, તે સમયે પણ વિધવા માતા મિલકતની વહેંચણીમાં તેના પુત્રોનો જેટલો જ સમાન હિસ્સો મેળવવા માટે હકકદાર બને છે.

HUF ના પાર્ટિશનની યોગ્ય યોજના દ્વારા આવકવેરાના કાયદા હેઠળ કરવેરા આયોજનના ઉપયોગી લાભો મેળવી શકાય. 'કમિશનર ઓફ ઈન્કમટેક્ષ વિરૂધ્ધ કેશવલાલ વલ્લુભાઈ પટેલ' ૭૫૫ ITR ૬૩૭ (SC) ના કેસમાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું છે કે HUF ના પાર્ટિશનને હસ્તાંતર (Transfer) ગણી શકાય નહિ અને તેથી પાર્ટિશન સમયે આવકવેરાના કાયદાની કલમ ૬૪ અન્વયે 'કલબિંગ ઓફ ઈન્કમ એન્ડ વેલ્થ' ની જોગવાઈઓ લાગુ પાડી શકાય નહી. સુપ્રીમ કોર્ટે 'કમિશનર ઓફ ગિફ્ટ–ટેક્સ વિરૂધ્ધ એન.એસ. ગેટી ચેટીયાર' (૮૨ ITR ૫૯૯ (SC) ના કેસમાં એવું પણ પ્રસ્થાપિત કર્યુ છે કે પાર્ટિશન સમયે કોઈ એક કોપાર્સનર પોતાને મળવો જોઈએ તેનાં કરતા ઓછો હિસ્સો લે, તો પણ તેણે આવા કેસમાં બક્ષિસ કરી છે તેમ ગણી શકાય નહી. આ ચુકાદાની વિચારધારા એ સિદ્ધાંત પર આધારીત છે કે 'જયાં સુધી HUF નું પાર્ટિશન કરવામાં આવે નહીં ત્યાં સુધી HUF ની મિલકતમાં કોઈ પણ કોપાર્સનરનો નિશ્ચિત અથવા ચોકકસ હિસ્સો હોતો નથી.' આ સંદર્ભમાં HUF ની મિલકતના પાર્ટિશન દ્વારા બક્ષિસવેરો ભર્યા સિવાય અને આવકવેરાની કલમ ૬૪ની જોગવાઈઓ લાગુ ન પડે તેમ, HUF નો કાર્તા તેની પત્ની તથા તેના સગીરવયના પુત્રોના કેસમાં કુડી–ઉત્પાદન (Capital Formation) કરીને, આનુષંગિક કરવેરા આયોજનના લાભો મેળવી શકે.

## મુડી–નફા આયોજન માટે પાર્ટિશન કેવી રીતે લાભદાયી ?

કોઈપણ HUF ના વિભાજન (Partition) સમયે તેના સભ્યો વચ્ચે કરવામાં આવતી મિલકતની વહેંચણીને હસ્તાંતર ગણવામાં આવતું નથી અને તેથી આવા કેસમાં મુડી–નફાની આકારણી કરવામાં આવતી નથી. આવકવેરા આયોજનની દ્રષ્ટિએ આ સિદ્ધાંતનો લાભ કેવી રીતે લઈ શકાય તેનો ખ્યાલ નીચેની યોજના પરથી આવી શકશે :

**દ્રષ્ટાંત :** 'અ' 'બ' અને 'ક' એમ ત્રણ સભ્યોનું એક HUF છે. કુટુંબ પાસે રૂ.૧૨ લાખની મુળ કિંમતની એક મિલકત છે. જેની સામે બજારમાં વેચાણ કિંમત આજે રૂ.૬૦ લાખ ઉપજે તેમ છે. જો આ મિલકતનું કુટુંબ દ્વારા સીધું વેચાણ કરવામાં આવે તો તેના ઉપર રૂ.૪૮ લાખનો મુડી–નફો થાય. જો કુટુંબના ત્રણેય સભ્યો વચ્ચે આ મિલકતનું સંપુર્ણ વિભાજન કરવામાં આવે, તો ત્રણેય સભ્યોના ફાળે વ્યકિતદીઠ રૂ.૪ લાખની મુળ કિંમતની મિલકત આવે અને તેઓ પોતાના હિસ્સાની મિલકતોનું વેચાણ કરે તો ત્રણેયને વ્યકિત દીઠ રૂ.૨૦ લાખની વેચાણ કિંમત મળતા, ત્રણેય સભ્યો વચ્ચે પણ રૂ.૪૮ લાખનો મુડી–નફો થાય.

આના બદલે વિભાજનની યોજનામાં જો સંપુર્ણ મિલકત 'અ' દ્વારા લઈ લેવામાં આવે અને તે 'બ' અને 'ક' ને મિલકતમાંના તેમના હિસ્સાના બદલામાં બજાર કિંમતના ધોરણે બંનેને રૂ.૨૦–૨૦ લાખનું વળતર આપે, તો 'અ'ના હાથમાં એ મિલકતની કિંમત વળતર સ્વરૂપે ચુકવાયેલા રૂ.૪૦ લાખ ઉપરાંત તેનો પોતાનો મુળ રૂ.૪ લાખનો હિસ્સો ગણતાં રૂ.૪૪ લાખ ગણાશે અને પછીથી જયારે આ મિલકત રૂ.૬૦ લાખમાં વેચવામાં આવે, ત્યારે તેના ઉપર માત્ર રૂ.૧૬ લાખનો મુડી–નફો થયેલો ગણાશે. 'બ' અને 'ક' ના હાથમાં કુટુંબની મિલકતના વિભાજન ઉપર મળતી રકમ ઉપર કોઈપણ મુડી–નફો ઉદભવવાનો પ્રશ્ન ન હોવાથી, ત્રણેય સભ્યો વચ્ચે માત્ર રૂ.૧૬ લાખનો જ મુડી–નફો ગણવામાં આવશે.

ઉપરોકત યોજના, કોઈ HUF ની મુળ કિંમત તથા તેની બજારની વેચાણ કિંમત વચ્ચે મોટો તફાવત હોય, તે સંજોગોમાં મુડી–નફો બચાવવા માટે ખુબ અસરકારક પુરવાર થાય ! આ આયોજન પાછળ રહેલી વિચાર–ભુમિકાને ગુજરાત હાઈકોર્ટે 'કમિશનર ઓફ ઈન્કમટેક્ષ વિરૂધ્ધ નરેન્દ્ર એન. ચૌહાણ' (૨૬૧ ITR ૧૮૫ (Guj.)) તેમજ 'લલિતાબેન હરિપ્રસાદ વિરૂધ્ધ કમિશનર ઓફ ઈન્કમટેક્ષ' (૩૨૦ ITR ૬૯૮ (Guj.)) ના કેસોમાં પણ માન્યતા આપી છે.

## 'ફેમિલી એરેન્જમેન્ટ' દ્વારા ઉપયોગી આયોજન

જે કેસોમાં સયુંકત કુટુંબની મિલકતોની વહેંચણી 'પાર્ટિશન' દ્વારા શકય ન હોય, તેવા કેસોમાં કૌટુંબીક વિવાદો નીવારવાના શુભ આશયથી, મિલકતોની વહેંચણી સંબંધી કરવામાં આવેલી 'કૌટુંબીક સમજુતી' (Family Arrangement) ની યોજનાનો ઉપયોગી આધાર લઈ શકાય. ગુજરાત હાઈકોર્ટે 'અરવિંદ ચંદુલાલ વિરૂધ્ધ કમિશનર ઓફ ઈન્કમટેક્ષ' (૧૪૦ ITR ૨૪૧ (Guj.)) ના કેસમાં આ વિષય ઉપર આપેલ સીમાચિહનરૂપી ચુકાદામાં એરેન્જમેન્ટ'ની યોજનાનો સવિસ્તાર ખ્યાલ આપતાં એ પણ સમજાવ્યું છે કે આ યોજના હેઠળ કરવામાં આવતી મિલકતોની વહેંચણીને 'હસ્તાંતર' (Transfer) ગણી શકાય નહીં.

## HUF દ્વારા કર્તાને અપાયેલ પગાર તેની આવમાંથી બાદ મળી શકે ?

'જુગલકિશોર બલદેવ સહાય વિરૂધ્ધ કમિશનર ઓફ ઈન્કમટેક્ષ, ઉતરપ્રદેશ (૬૩ ITR ૨૩૮ (SC)) ના કેસમાં સુપ્રીમ કોર્ટે આપેલા મહત્વના ચુકાદા અનુસાર, કોઈપણ HUF પોતાના કર્તાને HUF ના ધંધામાં કુટુંબના હિતનું સંરક્ષણ કરવા માટેની વાજબી રકમનો પગાર આપ્યો હોય અને આવો પગાર આપવા માટે HUF અને કર્તા વચ્ચે શુદ્ધ–બુદ્ધિપુર્વકની સમજુતી (Bonafide Agreement) કરવામાં આવી હોય, તો પગારની ચુકવેલી રકમ HUF ને પોતાના ધંધાની આવકમાંથી ખર્ચ તરીકે બાદ મળી શકેશે. આવી સમજુતીમાં HUF ના સગીર સભ્યો વતી કર્તાએ સહી કરી હોય અને કર્તાને આ સમજુતી દ્વારા લાભ મળનાર હોય, તો માત્ર તે જ કારણોસર સમજુતીને રદબાતલ ગણી શકાય નહી. ભાગીદારી પેઢીમાં HUF વતી ભાગીદાર તરીકે કર્તા જોડાયા હોય, તે સંજોગોમાં પણ પેઢીમાં HUF ના હિતની જાળવણી માટે કર્તાને HUF પગાર આપી શકે, એ સિદ્ધાંત ગુજરાત હાઈકોર્ટે 'શંકરલાલ એચ. દવે વિરૂધ્ધ કમિશનર ઓફ ઈન્કમટેક્ષ' (૧૨૪ ITR ૭૩૩ (Guj.)) ના કેસમાં આપેલા એક ચુકાદામાં પ્રસ્થાપિત કર્યો છે. ઉપરોકત સિદ્ધાંતોનો લાભકારક ઉપયોગ, જે કેસમાં HUF ને ધંધામાંથી મળતી આવકનું પ્રમાણ કર્તાની આવક કરતા વધારે હોય, તેવા કેસોમાં આવકવેરા આયોજનના હેતુસર સારી રીતે થઈ શકે.

******************************

:: GET COO THROUGH RCCI ::

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# RCCI is Authorised to Issue Non Preferential Certificate of Origin

**(Public Trade Notice No.18, Dt.14-6-2002 of DGFT, Govt. of India, Ministry of Commerce & Industry, New Delhi)**



- One of the First body in Saurashtra to migrate to the new DGFT COO Portal : **www.trade.gov.in**
- Dedicated COO staff to support queries, technical obstacles and DGFT related queries.
- Instant and timely service with less waiting period for online COOs.
- E-wallet facility is available for exporters to issue COO through RCCI on DGFT's website.
- COO issued by RCCI are accepted by all the countries in the world.
- COO Issued online are QR-coded to authenticity.



## આધુનિક સુવિધા સજ્જ

# કોન્ફરન્સ હોલ

**કોન્ફરન્સ હોલ ભાડે રાખવાના દર નીચે મુજબ છે.**
**તેમા લાઈટ, પંખા, સફાઈ તેમજ માઈક ચાર્જ સામેલ છે.**




| વિગત | અર્ધો દિવસ | આખો દિવસ |
|---|---|---|
| સમય | ૪ કલાક | ૮ કલાક |
| હોલ બુકીંગના દરઃ સભ્યો માટે | ૨૦૦૦ | ૪૦૦૦ |
| અન્ય માટે | ૨૫૦૦ | ૫૦૦૦ |
| ડિપોઝીટની રકમ | ૭૦૦૦ | ૧૦,૦૦૦ |

- એ.સી. વપરાશ માટેનો ઈલેક્ટ્રીક ચાર્જ યુનિટ દીઠ ચાર્જ રૂા. ૧૫ છે.
- પ્રોજેક્ટરનું ભાડું રૂા.૧૫૦૦ (અર્ધા) રૂા.૩૦૦૦ (આખા) દિવસ માટે થશે.
- કુલ હીસાબ પર ૧૮% GST અલગથી લેવાશે.

*વધુ માહિતી માટે ચેમ્બરની એડમીન ઓફિસમાં સંપર્ક કરવા વિનંતી.*

## :: Registered Office ::

Centre Point, 1st Floor, Karansinhji Road, Rajkot-360001
**Phone :** 0281-2227400, 2227500 | **Fax :** 0281-2230824 | **M :** 7383127400
**E-mail :** rajkotchamber@yahoo.co.in | **Web :** www.rajkotchamber.com